6 ડો. એ.પ.

રાજપીપળા, નર્મદા જિલ્લામાં ૧૦૦ની ટોચમર્યાદા ધરાવતું સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ શરૂ કરવાની નવી બાબતનો રૂ.૮.૮૭ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૮/૬૯૫૩૩/નબા./છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૦૫/૦૪/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના તા.૦૮/૦૩/૨૦૧૮ના પત્ર ક્રમાંક:- સસુખા/યજન/નવીબાબત/૧૭-૧૮/૨૭૭

પ્રસ્તાવના:-

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની વર્ષ ૨૦૧૮-૧૯ની બજેટ બુક નં. ૨૪-૪, પાના નં- ૫૩૧ ઉપર રાજપીપળા, નર્મદા જિલ્લામાં ૧૦૦ની ટોચમર્યાદા ધરાવતું સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ શરૂ કરવા માટે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં કુલ અંદાજીત રકમ રૂ.૮.૮૭ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાના વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરના તા.૦૮/૦૩/૨૦૧૮ ના પત્રથી રાજપીપળા, નર્મદા જિલ્લામાં ૧૦૦ની ટોચમર્યાદા ધરાવતું સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ શરૂ કરવા માટે રૂ.૮.૮૭ લાખનો ખર્ચ કરવા અંગે વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ. સદરહુ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરના તા.૦૮/૦૩/૨૦૧૮ ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની વર્ષ

૨૦૧૮-૧૯ની બજેટ બુકમાં સદરહુ બાબતે ખર્ચ કરવાની નવી બાબત તરીકે થયેલ જોગવાઇ ધ્યાને લઇ રાજપીપળા, નર્મદા જિલ્લામાં ૧૦૦ની ટોચમર્યાદા ધરાવતું સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ શરૂ કરવા માટે રૂ.૮.૮૭ લાખનો ખર્ચ કરવાની નીચેના મહેકમની વિગતે તેમજ શરતોને અધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧૦૦ બાળાઓની સંસ્થા માટે કર્મચારીગણ નીચે મુજબ હશે.

| ક્રમ | કર્મચારીગણનો હોદ્દો | સંખ્યા | પગાર ધોરણ | ગ્રેડ-પે (રૂ.) | ફિક્સ પગાર (રૂ.) |
|---|---|---|---|---|---|
| ૧ | ઓફિસર ઇંચાર્જ/સુપ્રિટેન્ડેન્ટ, વર્ગ-૩ | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪,૪૦૦/- | ૩૮,૦૯૦/- |
| ૨ | પ્રોબેશન ઓફિસર, વર્ગ-૩ | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨,૮૦૦/- | ૩૧,૩૪૦/- |
| ૩ | સીનીયર ક્લાર્ક/ગૃહમાતા,વર્ગ-૩ | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨,૪૦૦/- | ૧૯,૯૫૦/- |
| ૪ | જુનિયર ક્લાર્ક, વર્ગ-૩ | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧,૯૦૦/- | ૧૯,૯૫૦/- |
| ૫ | રસોયા | ૧ | આઉટસોર્સથી | | |
| ૬ | સહાયક રસોયા | ૧ | આઉટસોર્સથી | | |
| ૭ | ગાર્ડ | ૪ | આઉટસોર્સથી | | |
| ૮ | સફાઇ કામદાર | ૧ | આઉટસોર્સથી | | |
| ૯ | વિઝિટીંગ મેડીકલ ઓફિસર (VMO) | ૧ | માનદવેતન | | |

ઉક્ત ક્રમ. ૧ થી ૪ ની વર્ગ-૩ની કુલ-૪(ચાર) જગ્યાઓ નિયમિત પગાર ધોરણમાં ફીકસ પગારથી ભરવા માટે ઉભી કરવાની મંજૂરી આપવામાં આવે છે. તેમજ ક્રમ. ૫ થી ૯ માં દર્શાવેલ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સીગ/માનદવેતનથી લેવાની રહેશે.

શરતો :-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઇને અધીન અને નાણા વિભાગ દ્વારા વખતો - વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો-પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતીથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૧૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફિક્સ પગારની નીતિ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર ધોરણો ROP-2006/ROP-2016/Pay-Matrix-Level પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

(૮) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક:- નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફા.) ની જોગવાઇ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૯) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૧) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૨) રાજય સરકાર દ્વારા વખતો-વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૩) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની મુદ્દત પૂરી થતાં પહેલાનાં એક માસ અગાઉ દરખાસ્ત રજૂ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે,

<u>માંગણી નં.૯૬(CSS)</u>

૨૨૩૫ – સામાજિક સુરક્ષા અને કલ્યાણ

૦૨- સમાજ કલ્યાણ